---

**મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૭ માં,**
**મુ. અમદાવાદ.**

---

**ક્રિમી.કેસ નં.૧૩૬/૨૦૧૪**

ફરીયાદી : સ્ટેટ ઓફ ગુજરાત આંક:૯

વિ.

આરોપીઓ: (૧) નવીનભાઈ બાબુભાઈ વિજુડા( વણકર)
(૨) શિલ્પાબેન વા/ઓ નવીનભાઈ વિજુડા(વણકર)
(૩) નયનાબેન વા/ઓ ખોડીદાસ વિજુડા(વણકર)
(૪) ડાહ્યીબેન વા/ઓ બાબુભાઈ વિજુડા(વણકર)
તમામ રહે: ગલી નં.૬, શીતલ નગર , બળીયા નગર રોડ
ભીલવાડા રોડ સામે,અમરાઈવાડી,
અમદાવાદ.

ગુનો:ઈ.પી.કો.કલમ: ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબ.

---

સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી.વી.બી.સોલંકી(ચાર્જના)
આરોપીઓ પક્ષે વિ. વ. શ્રી. જે.એમ.ઝીણીયા.

---

-: **જજમેન્ટ** :-

**૧.** આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે આ કામના આરોપીઓએ તા.૨૨/૧/૨૦૧૪ ના કલાક:૧૦-૦૦ વાગે ફરીયાદી બેનના ઘર આગળ જાહેરમાં ફરીયાદી બેનની છોકરી નામે મયુરીબેન

નાઓને ખોટી રીતે હેરાન પરેશાન કરતા હોય જેથી આમ નહી કરવાનું કહેવા જતા આરોપી નં.૧ નાઓએ બિભત્સગાળો બોલી , જાનથી મારી નાખવાની ધમકી આપી તથા આરોપી ન.ર ,૩,૪ નાઓએ ફરીયાદીબેન ને ગડદાપાટુનો માર મારેલ હોય તે મતલબની ફરીયાદીએ ફરીયાદ રજુ કરતાં જરૂરી પોલીસ તપાસ પુરી કરી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે રજુ રાખવામાં આવેલ છે.

**૨.** આરોપીઓના.અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલી છે.ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલા આક્ષેપોની વિગતવાર સમજુતી આપ્યા બાદ આંક:ર થી આંક:પ આરોપીઓનો જવાબ લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

અત્રે એ હકીકતની નોધ લેવી ઘટે કે આ કામના શાહેદ નં.ર રેખાબેન વા/ઓ જયેશભાઈ જાદવ નાઓને શાહેદ સમન્સ/વોરંટ કરતાં તેઓના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ રજુ થયેલ હોય ફરીયાદ પક્ષે અથાક પ્રયત્નો કરવા છતાં તેઓને તપાસી શકેલ નથી. તેવી જ રીતે અન્ય શાહેદો તથા પંચોને સમન્સ/વોરટ કરતાં તેઓ મકાન ખાલી કરી બીજે રહેવા ચાલ્યા ગયેલ હોય , અથવા મરણ ગયેલ હોય , અથવા એનકેન પ્રકારે તેઓ મળી આવતાં નહોય , તેવા શેરા સાથે શાહેદ સમન્સ/વોરંટ પરત આવતાં હોય ફરીયાદ પક્ષે અથાક પ્રયત્નો કરવા છતાં તેઓને તપાસી શકાયેલ નથી અને તેઓનો પુરાવો રેકર્ડ ઉપર રજુ રખાવી શકેલ નથી.

**૩.** ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

(અ) મૌખિક પુરાવો :

| ક્મ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી નિરુબેન મનુભાઈ રાઠોડ ની જુબાની. |

(બ) દસ્તાવેજી પુરાવો:

| ક્મ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |

**૪...** ત્યારબાદ આંક:૮ ની કલોઝીંગ પુરસીસ રજુ થતાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ પુરાવો પુરો થયાની જાહેરાત કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો ધ્યાને લીધી.

**૫...** સદર ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૨૨/૧/૨૦૧૪ ના કલાક: ૧૦-૦૦ વાગે ફરીયાદી બેનના ઘર આગળ જાહેરમાં ફરીયાદી બેનની છોકરી નામે મયુરીબેન નાઓને ખોટી રીતે હેરાન પરેશાન કરતા હોય જેથી આમ નહી કરવાનું કહેવા જતા આરોપી નં.૧ નાઓએ બિભત્સગાળો બોલી , જાનથી મારી નાખવાની ધમકી આપી તથા આરોપી ન.૨ ,૩,૪ નાઓએ ફરીયાદીબેન ને ગડદાપાટુનો માર મારી ઈ.પી.કો.કલમ:૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧)૧૧૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

(૨) શું હુકમ

**૬....** ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

<u>-: કારણો :-</u>

**૭...** સદર કામે આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આંક:૬ થી ફરીયાદી નીરુબેન મનુભાઈ રાઠોડ જુબાની આપી જણાવે છે કે બનાવ સને ૨૦૧૪ ની સાલમાં બનેલો. બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતા ત્યારે તેઓની ચાલીમાં રહેતા નવીને તેઓની છોકરીને હેરાન કરતો હોય તે બાબતે તેઓની છોકરી મયુરી તેઓને જણાવતાં તે બાબતે તેઓ નવીન ને કહેવા જતા નવીન તથા તેના પરીવારજનો સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નહી. બનાવ બાબતે તેઓએ પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપેલી. ફરીયાદ ની ઝેરોક્ષ જોઈને તેમા તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ આંક:૭ થી રજુ છે. આરોપીઓ તેમની બાજુમાં રહેતા હોય ઓળખી બતાવે છે. આમ સદર શાહેદ તેઓની ફરીયાદ હકીકતથી વિરોધાભાસી જુબાની આપતા હોય ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા શાહેદ જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી એ કરેલ ઉ.ત. માં પણ કોઈ ફળદાયક હકીકત બહાર લાવી શકેલ નથી જયારે બચાવ પક્ષે કરેલ ઉ.ત.માં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓને ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે.

**૮..** આમ સમગ્ર પુરાવો વંચાણે લેતા જયારે આ કામના ફરીયાદી જ કે જેઓ ભોગબનનાર ઈસમ છે તેઓજ તેમની જુબાનીમાં આ કામના આરોપીઓ સાથે ફરીયાદીની દીકરી મયુરી ને હેરાન કરતો હોય , આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહી તેમ જણાવતાં હોય

અને આ કામના આરોપીઓ સાથે હવે કોઈ તકરાર રહેતી નહોય ત્યારે ફરીયાદ પક્ષ પોતાનો કેસ રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે સાબીત કરી શકેલ નહોય મુદ્દા ન.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

**૧.** આ કામના આરોપીઓ:(૧) નવીનભાઈ બાબુભાઈ વિજુડા( વણકર) (૨) શિલ્પાબેન વા/ઓ નવીનભાઈ વિજુડા(વણકર)(૩) નયનાબેન વા/ઓ ખોડીદાસ વિજુડા(વણકર) (૪) ડાહચીબેન વા/ઓ બાબુભાઈ વિજુડા(વણકર)તમામ રહે: ગલી નં.૬, શીતલ નગર , બળીયા નગર રોડ ભીલવાડા રોડ સામે,અમરાઈવાડી, અમદાવાદ. નાઓને ક્રિ.પ્રો.કોડ કલમ: ૨૫૫(૧) અન્વયે <u>ઈ.પી.કો.કલમ: ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪</u> મુજબ ના શીક્ષાને પાત્ર ગુન્હામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨...**આરોપીના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીને સી.આર.પી.સી. કલમ:૪૩૭(એ) અન્વયે રુા. ૧૦,૦૦૦/- (અંકે રુપીયા દશ હજાર પુરા/-) ના અપીલ થતા સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તા.૧૪ મી માહે જુલાઈ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

(કુ.શબાના અબ્દુલકાદર મનસુરી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૭, અમદાવાદ.
***કોડ ન. જી.જે.૦૧૦૨૪***